અપીલ અરજી નં.૩૧/૦૮-૦૯ તા. ૬-૫-૦૮

અરજદારઃ શ્રી માણેકસા જે. કુદીયાણાવાલા
સામાવાળાઃડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી

# હુકમઃ-

વિષયઃ- આરટીઆઈ એકટ હેઠળ શ્રી માણેકસા જે. કુદીયાણાવાલા ની તા.૧૮-૩-૦૮ ની અરજી અન્વયે મ્યુ. વર્કશોપમાં ફરજ બજાવી ચુકેલ ફોરમેનો કઈ લાયકાતના ધોરણને આધારે નિમણૂંક આપવામાં આવેલ. ફોરમેનની જગ્યા માટેનો આઈટીઆઈ ઓટોમોબાઈલનો કોર્ષ ગુજરાતમાં કઈ આઈટીઆઈમાં ચાલે છે તેમજ આસી.કમિશ્નરના તા.૧૭-૫-૦૭ ના પરિપત્રથી મંગાવેલ અરજી બાબતે શું કાર્યવાહી થઈ વિગેરે બાબતેની માહિતી આપવા બાબત.

સંદર્ભઃ-અરજદાર મજકુરની તા.૬-૫-૦૮ ની અપીલ અરજી નં.૩૧/૦૮-૦૯

શ્રી માણેકસા જે. કુદીયાણાવાલા ની તા.૧૮-૩-૦૮ ની અરજી અન્વયે મ્યુ. વર્કશોપમા ફરજ બજાવી ચુકેલ ફોરમેનો કઈ લાયકાતના ધોરણને આધારે નિમણૂંક આપવામાં આવેલ. ફોરમેનની જગ્યા માટેનો આઈટીઆઈ ઓટોમોબાઈલનો કોર્ષ ગુજરાતમાં કઈ આઈટીઆઈમાં ચાલે છે તેમજ આસી.કમિશ્નરના તા.૧૭-૫-૦૭ ના પરિપત્રથી મંગાવેલ અરજી બાબતે શું કાર્યવાહી થઈ વિગેરે બાબતેની માહિતી આપવા બાબતે ડે.કમિશ્નર (૫અનેઈ) અને જાહેર માહિતી અધિકારી તરફથી જીએડી/ઈએસટી/આર/૬૮ તા.૧૧-૪-૦૮ ના પત્રથી મળેલ જવાબથી સંતોષ નથી જેના કારણે નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૬-૫-૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજી, નોંધ વિભાગ સહિત આપવા જોગ પુરક માહિતી અને જીએડી/ઈએસટી/૪૯૧૮ તા.૩૧-૩-૦૮ થી પાઠવેલ પત્રની નકલની વિગતો પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯ તા.૯-૫-૦૮ ના રોજ ડે.કમિશ્નર (૫અને ઈ) અને જાહેર માહિતી અધિકારી ને પત્ર પાઠવવામાં આવેલ.જેના અનુંસંધાને જાવક નં.જીએડી/ઈએસટી/૬૩૮ તા.૧૭-૫-૦૮થી અત્રેના વિભાગને માહિતી પૂરી પાડેલ છે.જેમાં અરજદારને સદર બંને પત્રોથી પૂરી પાડેલ માહિતીની નકલો છે.

અરજદારે અપીલ અરજીમાં લાયકાત તથા તેના પરીપત્રની નકલ તેઓને આપવામાં આવેલ નથી તેવી રજૂઆત કરેલ છે. જયારે માહિતી અધિકારી તરફથી સામાન્ય સભાના ઠરાવ નં.૧૭૭ તા.૧૯-૭-૧૯૮૫ થી મંજુર થયેલ લાયકાત મુજબ નિમણૂંક આપવામાં આવેલ હતી. તેવો માહિતી આપતો પત્ર અરજદારને તા.૩૧-૩-૦૮ ના રોજ પાઠવેલ છે.તથા જાહેર માહિતી અધિકારીના તા.૧૧-૪-૦૮ ના પત્રથી આઈટીઆઈ ઓટો કોર્ષ ગુજરાતમાં કઈ આઈટીઆઈમાં ચાલે છે તે અંગે આઈટીઆઈ સુરત ખાતેથી અઠવા રોજગાર અને તાલીમ નિયામક ગાંધીનગર ખાતેથી માહિતી મળી શકશે તેવું જણાવેલ છે. જયારે આસી.કમિશ્નરના તા.૧૭-૫-૦૭ ના પરિપત્રથી મંગાવેલ અરજીઓની કાર્યવાહી ચકાસણી કરી ઈન્ટરવ્યુમાં બોલાવવા અંગે પ્રક્રિયા હેઠળ જણાવે છે. પરંતુ અરજદારને લાયકાત અંગેની ઠરાવની નકલ આપવામાં આવેલ સ્પષ્ટ થતું નથી.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને લાયકાતના ધોરણોના આધાર સિવાયની માહિતી સંતોષકારક પૂરી પાડવામાં આવેલ જણાય છે.નિર્દિષ્ટ કક્ષાએથી અરજદાર તે માહિતી મેળવી શકે છે. જયારે અરજદારને નહી પૂરી પાડેલ માહિતી લાયકાતના ધોરણોનો આધાર અંગે સંબધિત ઠરાવની નકલ અરજદારને વિના મુલ્યે દિન-૭ માં અત્રેના ખાતાની જાણ હેઠળ પૂરી પાડવા ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. "

નં. આરટીઆઈ સેલ/
તારીખ : -૫ -૦૮.

***ડે.કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧)ડે.કમિશ્નર (૫ અને ઈ) અને જાહેર માહિતી અધિકારી,..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી માણેકસા જે. કુદીયાણાવાલા,